# પૂ. લાલચંદભાઈના પ્રવચનો

# પ્રવચન નં :- ૨૭, સમયસાર ગાથા ૩૧

# તા. ૧૭-૧૦-૮૭

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. શુધ્ધાત્માને બતાવનારું શાસ્ત્ર તેને સમયસાર શાસ્ત્ર કહેવામાં આવે છે. એમાં ૩૧ નંબરની ગાથાનો સ્વાધ્યાય ચાલે છે. કુંદકુંદઆચાર્યભગવાને એમ ફરમાવ્યું છે કે જે કોઇ જીવ ઇન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક એટલે અન્યદ્રવ્યથી જુદો એવા પોતાના આત્માને જે જાણે છે તેને જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે, શુધ્ધાત્માના અનુભવમાં જે રત-લીન છે એવા સાધુ પુરુષો ખરેખર તેને જિતેન્દ્રિય કહે છે. જે કોઇ આત્મા ઇન્દ્રિયથી જુદો, પરથી અધિક એવા પોતાના શુધ્ધાત્માને અંતરમાં જેણે જાણ્યો છે તેને સર્વજ્ઞ અને સર્વજ્ઞના સંતો એમ કહે છે કે જિતેન્દ્રિય છે.

ઈન્દ્રિયજ્ઞાનને જિતતા મોહ જિતાય જાય છે. જયાં સુધી જીવને ઇન્દ્રિયજ્ઞાન ને આત્મા એક લાગે છે ત્યાં સુધી મોહ જિતાતો નથી. મોહની ઉત્પત્તિ થાય છે. ઇન્દ્રિયજ્ઞાન પોતાને ભૂલીને પરને જાણે છે અને પરને જાણતાં પોતાપણે જાણે છે તેને મોહ કહેવામાં આવે છે. એવા જે ઇન્દ્રિયજ્ઞાનની પ્રવૃત્તિ ચાલે છે અનાદિકાળથી, તે ઇન્દ્રિયજ્ઞાન બહિર્મુખ છે, મૂર્તિક છે અને કર્મબંધનું કારણ છે. શાસ્ત્રજ્ઞાન પણ મૂર્તિક છે. બીજા દુકાનો ને ફેકટરીના જ્ઞાનની વાત શું કરીએ એ તો મૂર્તિક જ છે. પણ શાસ્ત્રનું જે જ્ઞાન થાય છે એ પણ મૂર્તિક છે, બહિર્મુખ છે અને કર્મબંધનું કારણ છે.

એવા જીવને રાગને જિતવાથી વીતરાગભાવ પ્રગટ થાય છે, એમ ભાવેન્દ્રિયને જિતતા અતીન્દ્રિયજ્ઞાન નવું પ્રગટ થાય છે તેમાં આત્માના દર્શન થાય છે. એ ઇન્દ્રિયજ્ઞાનને જિતવાની વાત છે. એ ઇન્દ્રિયો ત્રણ પ્રકારે છે. એક દ્રવ્યેન્દ્રિય, એક ભાવેન્દ્રિય અને ત્રીજું ભાવેન્દ્રિયના વિષયો. એમ ત્રણ પ્રકાર ઇન્દ્રિયના ભેદ છે. ત્રણે ઇન્દ્રિય છે. સાક્ષાત તીર્થંકર પરમાત્મા બિરાજમાન હોય તેના તરફ લક્ષ જાય અને આંખ વડે જે દર્શન કરે છે. એક ભાવેન્દ્રિય છે એ તો ઇન્દ્રિય છે પણ એનો જે વિષય થયો તીર્થંકર પરમાત્મા એ પણ ઇન્દ્રિય છે. ભાવેન્દ્રિય અને તેના વિષયો. એ બધાને અહીંયા ઇન્દ્રિયો કહે છે. દ્રવ્યેન્દ્રિય તો ઈન્દ્રિય છે જ.

હવે ત્રણને કેમ જિતાય એને જિતવાનો પ્રકાર સમજાવે છે. કે **અનાદિ અમર્યાદરૂપ**, ટીકાની શરૂઆત. **અનાદિ અમર્યાદરૂપ**. ભૂતકાળમાં અનાદિકાળ ગયો. આ આત્માની શરૂઆત નથી અને અજ્ઞાનની પણ શરૂઆત નથી. આત્મા પણ અનાદિનો અને આત્માનું અજ્ઞાન પણ અનાદિનું છે. અને

આત્માની કોઈ દિ' શરૂઆત નથી અને અજ્ઞાનની પણ શરૂઆત નથી. અનાદિનો આત્મા અને એ આત્મા સંબંધીનું અજાણપણું એવું જે અજ્ઞાનની અવસ્થા એ પણ અનાદિની ચાલી આવે છે. એ અનાદિ અમર્યાદરૂપ જેની મર્યાદા નથી એટલી બેહદ અમર્યાદિત બંધપર્યાયના વશે, એટલે કે આત્મા અને શરીર એને એકપણે માનવું, એક માનવું, એક જાણવું તેને બંધપર્યાય કહેવામાં આવે છે.

છે આત્મા અને દેહ જુદા અને દેહ ને આત્માને એક માનવા, અને દેહમાં દેહનો સ્પેરપાર્ટ દ્રવ્યેન્દ્રિય એ દ્રવ્યેન્દ્રિય અને આત્મા છે ભિન્ન ભિન્ન. એક ચેતન ને બીજું જડ. એ ચેતન અને જડ તેને એક માનવા તેને બંધપર્યાય કહેવામાં આવે છે. એને વશે એટલે કે અજ્ઞાન થયું તેના વશે, અજ્ઞાન કેમ થયું કે સ્વ અને પર એ બેયને એક માનવા તેને અજ્ઞાન કહેવામાં આવે છે.

એ અજ્ઞાનના વશે, જે અજ્ઞાન ઉત્પન્ન થયું તેમાં, તેમાં સમસ્ત સ્વ-પરનો વિભાગ અસ્ત થઇ ગયો છે. આ જાણનાર તે સ્વ છે અને આ દ્રવ્યેન્દ્રિય છે તે પર છે એમ સ્વ અને પર ભિન્ન ભિન્ન હોવા છતાં એની જુદાઈ ન ભાસવી તેને સ્વ અને પર તેનો વિભાગ અસ્ત થઈ ગયો છે. બેય એક લાગે છે. દેહ ને આત્મા એક લાગે છે. દેહ ને આત્મા એક લાગે એટલે આ દેહનો જે ભાગ છે બધો દ્રવ્યેન્દ્રિય એ પણ એક છે. આત્માથી દ્રવ્યેન્દ્રિય જુદી છે એમ અજ્ઞાનમાં ભાસતું નથી. એવું અજ્ઞાન અનાદિકાળનું છે. એ અજ્ઞાન કેમ ટળે કે દ્રવ્યેન્દ્રિયથી મારો આત્મા જુદો છે એવું જે ભેદજ્ઞાન એ કેમ થાય તેની વિધિ આમાં બતાવે છે.

**જેમાં સમસ્ત સ્વ-પરનો**, સ્વ એટલે જ્ઞાનાનંદ આત્મા, શુધ્ધાત્મા, ચિદાનંદ આત્મા અને પર એટલે દ્રવ્યેન્દ્રિય. પાંચ પ્રકારની ઇન્દ્રિય તેને ભગવાન દ્રવ્યેન્દ્રિય કહે છે. એ પ્યોર જડની જાત છે. એ જડથી બનેલી છે. એનો **વિભાગ** એટલે જુદાઇ **અસ્ત થઈ ગયો છે. અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી.** આ આંખ ને કાન ને જીભ ને નાક એ બધું જાણે એક આત્મા જ હોય એમ ભાસે છે. આત્માથી આ દ્રવ્યેન્દ્રિય જુદી છે એમ ભાસતું નથી. એક ભાસવું તેને અજ્ઞાન કહેવામાં આવે છે. એ અજ્ઞાન અનાદિનું છે. એટલે અજ્ઞાનમાં સ્વ-પરની જુદાઇ ન લાગે. જો સ્વ-પરની જુદાઈ ભાસે તો અજ્ઞાન ન કહેવાય તો જ્ઞાન થઇ ગયું કહેવાય. પણ આ અનાદિકાળનું સ્વ અને પર એક ન હોવા છતાં એક જેવું લાગે છે. તો કહે છે કે **જેઓ આત્માની સાથે એવી એક થઇ રહી છે કે જેનો ભેદ દેખાતો નથી.** ભેદ એટલે જુદાપણું. છે જુદાપણું. પણ જુદાપાણું દેખાતું નથી.

**એવી**, જેની સાથે એકતા થઈ છે **એવી શરીરપરિણામને પ્રાપ્ત**, એ શરીર છે એ અવયવી છે અને આ પાંચ ઇન્દ્રિય છે તે તેના અવયવો છે. સ્પેરપાર્ટસ છે. આંખ, કાન, નાક વિગેરે. **એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો**, પાંચ પ્રકારની ઇન્દ્રિયો છે દ્રવ્યેન્દ્રિય, **તે દ્રવ્યેન્દ્રિયો તેમને તો**, આ જે દ્રવ્યેન્દ્રિયો છે **તેમને તો નિર્મળ ભેદઅભ્યાસની પ્રવિણતાથી**, હવે જે એકમેક જેવું અજ્ઞાનથી

ભાસતું હતું એ હવે તેને જુદાપણાનો વિચાર આવ્યો. કે આ દ્રવ્યેન્દ્રિય તો નાશવાન છે, પુદ્દગલની અવસ્થા છે. હું તો ચેતન છું. દ્રવ્યેન્દ્રિયને તો બાળી નાખશે. દ્રવ્યેન્દ્રિય કોઇ રહેવાની નથી, રાખ થઇ જવાની છે. અને હું તો ચૈતન્ય આત્મા અવિનાશી છું. મારો તો નાશ થતો નથી.

એમ બેયના જુદા જુદા લક્ષણ જાણીને દ્રવ્યેન્દ્રિયમાં જાણવાની ક્રિયાનો અભાવ છે. અને જ્ઞાનમય આત્મા એ તો જાણનાર છે. દ્રવ્યેન્દ્રિય કાંઇ જાણતી નથી. આ કાન કાંઈ જાણતા નથી, આંખ જાણતી નથી-દ્રવ્યેન્દ્રિય. અહીંયા જે ઉઘાડ છે એ ભાવેન્દ્રિયની પછી વાત કરશે. ભાવેન્દ્રિયથી આત્મા જુદો છે એ પછી વાત કરશે. બીજા બોલમાં. પહેલા બોલમાં તો એમ કહે છે કે આ શરીરનો જે ભાગ આંખ મારી, કાન મારું, ફલાણું મારું, એમ એમાં મારાપણાની મમતા કરીને બેઠો છે તેને જુદા હોવા છતાં જુદું દેખાતું નથી.

હવે એ જ આત્મા દ્રવ્યેન્દ્રિયની સાથે જુદાઇનો વિચાર કરે છે. કે **તેમને તો**, એટલે કે આત્માને અને જડને તો, ચેતન ને અચેતનને તો, **નિર્મળ ભેદઅભ્યાસની પ્રવિણતાથી**, નિર્મળજ્ઞાનમાં એના લક્ષણભેદે ભેદ છે એમ એને જ્ઞાનની અવસ્થામાં બેયને જુદા પાડવાનો અભ્યાસ કરે છે જીવ, કે આ સ્વ છે અને દ્રવ્યેન્દ્રિય પર છે. એ મારી ચીજ નથી. એવો નિર્મળ ભેદઅભ્યાસ, જુદા પાડવાની પ્રક્રિયા તેને ભેદઅભ્યાસ કહેવામાં આવે છે.

જેમ લેબોરેટરીની અંદર બ્લડ મોકલે તો એનો રીપોર્ટ આવે તો બધા જુદા જુદા તેના જમ્સના નામ-ઠામ લખે છે. એમ પ્રત્યેક જીવ પાસે વર્તમાનમાં જ્ઞાનરૂપી લેબોરેટરી છે વર્તમાનમાં. સંજ્ઞીપંચેન્દ્રિય હોય એની પાસે જ્ઞાનનો એવો ઉઘાડ છે કે આ સ્વ અને આ પર એવો વિચાર કરવાની શક્તિ તેનામાં છે. વિચાર કરી શકે છે. વિચાર કરવા માગે તો શક્તિ તેની પાસે છે, કે આ જાણનાર તે હું છું અને આ દ્રવ્યેન્દ્રિય કાંઈ જાણતી નથી, જડ છે, એ મારાથી જુદી છે. એમ ભેદઅભ્યાસની પ્રવિણતાથી કુશળતાથી, ભેદજ્ઞાનની કુશળતામાં હવે આવ્યો. જે એકમેક ભાસતું હતું તે જુદું ભાસવા લાગ્યું.

**નિર્મળ ભેદઅભ્યાસની પ્રવિણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં**, હવે આવો ભેદઅભ્યાસ કર્યો તો તેમાંથી તેને શું પ્રાપ્તિ થાય છે કે **અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ**, શું કહે છે કે આ શરીર અને શરીર પરિણામનો ભાગ એક દ્રવ્યેન્દ્રિય તેનાથી જુદો જાણનારો આત્મા તે હું છું એમ અંતરંગમાં જયારે તે જુદા પાડવાનો અભ્યાસ કરે છે ત્યારે તેના જ્ઞાનમાં, **અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ**, ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ વર્તમાનમાં પ્રગટ છે. અંતરંગમાં જઇને જોવાનો પ્રયત્ન કરે છે તેને પ્રગટ પ્રભુના દર્શન થાય છે. પ્રભુ પ્રગટ છે ચોવીસે કલાક. તેના દર્શન કરવા માટે ટાઈમની જરૂર નથી. એપોઇન્ટમેન્ટ માગવાની જરૂર નથી. ટેલીફોન ને તાર કરીને એપોઇન્ટમેન્ટ

માગવાની જરૂર નથી. જયારે અંતરમાં જઇને જુએ તો પ્રભુ દર્શન આપે છે તત્તક્ષણ. તે સમયે આપે છે. પણ બહાર જુએ છે તેને પ્રભુના દર્શન થતાં નથી.

એ કહે છે કે અંતરંગમાં આ શરીર ને શરીરની ઇન્દ્રિયો છે તેનાથી જુદું એક જાણકતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ છે ચૈતન્યતત્ત્વ એ અંતરંગમાં પ્રગટ છે, પ્રગટ થાય તે પર્યાય હોય અને પ્રગટ છે તે પ્રભુ હોય. પ્રભુ તો પ્રગટ જ છે. પરમાત્મા, નિજપરમાત્મા તો વર્તમાનમાં પ્રગટ જ છે. એ પ્રગટ અતિસૂક્ષ્મ કહ્યું. દ્રવ્યેન્દ્રિય અતિસ્થૂળ છે. દ્રવ્યેન્દ્રિય છે તે તો પુદ્દગલની રચના છે એટલે એ તો સ્થૂળ છે. એ દ્રવ્યેન્દ્રિય પોતાને જાણે નહીં અને જાણનારને પણ જાણતી નથી. માટે તે પુદ્દગલની રચના છે. માટે તેને અતિસ્થૂળ કહેવાય. અને તેની સામે આ તેનાથી ભિન્ન આત્મા એ અતિસૂક્ષ્મ છે. સૂક્ષ્મ તો છે પણ અતિ એટલે સર્વથા સૂક્ષ્મ છે.

એવો **અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ**, આહાહા! આ ચૈતન્યસ્વભાવ ચિદાનંદ આત્મા વર્તમાનમાં પ્રગટ છે અને અતિસૂક્ષ્મ છે. એ સૂક્ષ્મતત્ત્વને શુધ્ધોપયોગથી જાણી શકાય છે. એ સૂક્ષ્મને ઉપયોગ સૂક્ષ્મ કરે ત્યારે એમાં જણાય. સ્થૂળ ઉપયોગમાં એ જણાય નહીં. રાગમિશ્રિત જ્ઞાનમાં કે ઇન્દ્રિયજ્ઞાનમાં એ સૂક્ષ્મતત્ત્વ જણાતું નથી. એ **અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે**, લ્યો! આ દ્રવ્યેન્દ્રિય ને આત્માને જુદા પાડવાનું સાધન પોતાનો શુધ્ધાત્મા ચૈતન્યસ્વભાવ પ્રગટ છે તે, તેનું અવલંબન લઇને, એટલે કે પરનું અવલંબન છોડીને, દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન છોડીને શુભાશુભભાવનું અવલંબન છોડીને, એક સમયની પર્યાયનું અવલંબન છોડીને, અંતરમાં જે ભગવાનઆત્મા છે તેનું અવલંબન તેનો આશ્રય, તેની તરફ સન્મુખતા, તેમાં એકાગ્રતા એ અવલંબનના બળ વડે, એ બળ, આ પુરુષાર્થ.

પુરુષાર્થથી સ્વભાવની પ્રાપ્તિ થાય છે. પણ પુરુષાર્થ શું? આહા! પાંચ સમવાયમાં પુરુષાર્થ છે ને? એ પુરુષાર્થ શું? આહા! સુરેન્દ્રભાઇ! આ પુરુષાર્થની વાત ચાલે છે. સહજ સાધ્ય છે, યત્ન સાધ્ય નથી. પંડિત ટોડરમલ્લજી સાહેબ કહે છે કે ભવિતવ્યતા અને કાળલબ્ધિ જેવી કોઇ વસ્તુ નથી. એ તો જયારે પુરુષાર્થ કરે ત્યારે જે કાળે પર્યાય પ્રગટી તેને કાળલબ્ધિ કહેવાય અને એ જ થવાયોગ્ય હતું તેને હોનહાર અથવા ભવિતવ્યતા કહેવામાં આવે છે. તે વખતે કર્મનો અભાવ પણ હોય છે. પણ પુરુષાર્થ એટલે કે પોતાના ઉપયોગને આત્મસન્મુખ કરીને ભગવાનના દર્શન કરવા તેનું નામ પુરુષાર્થ છે. આ પુરુષાર્થની વિધિ છે. આ કરવું ને તે કરવું ને ત્યાં જાવું ને આમ કરવું ને, કરવામાં પુરુષાર્થ નથી. જાણવામાં પુરુષાર્થ છે પણ આત્માને જાણવો તેનું નામ પુરુષાર્થ છે. શાસ્ત્રને જાણવું તેનું નામ પુરુષાર્થ નથી. મિથ્યાપુરુષાર્થ છે. પરને જાણવું તે મિથ્યાપુરુષાર્થ છે. પરને જાણતાં આનંદ આવતો નથી અને સ્વને જાણતાં આનંદ આવે છે. માટે આનું નામ પુરુષાર્થ છે.

એ ઉપયોગને જેનો ઉપયોગ છે, જેનું જ્ઞાન છે તેના તરફ વાળીને એ જ્ઞાન પોતાને પ્રસિધ્ધ કરે તેનું નામ પુરુષાર્થ છે. એ આ પુરુષાર્થ આવ્યો. **તેના આલંબનના બળ વડે**, આહાહા! પોતાનો ભગવાનઆત્માના આશ્રય વડે, ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ બીજા શબ્દોમાં વાત કરે છે. પોતાના **ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે**, પરનું અવલંબન છૂટયું અને સ્વનું અવલંબન આવ્યું, નવું. બળ વડે, સર્વથા પોતાથી જુદી કરી. આહાહા! જયાં શુધ્ધાત્મામાં અહંબુધ્ધિ થઈ ગઇ ત્યાં દ્રવ્યેન્દ્રિયમાં અહંબુધ્ધિ છૂટી ગઈ. દ્રવ્યઈન્દ્રિય રહી ગઇ પણ દ્રવ્યઇન્દ્રિયમાં મમતા છૂટી ગઇ. દ્રવ્યેન્દ્રિયના કટકા કરીને અલોકમાં મોકલવાની નથી. શું કહ્યું?

એ જે ભગવાનઆત્મા છે ચૈતન્યપ્રભુ! અંદર બિરાજમાન જાણનાર, જાણનાર જ્ઞાયકતત્ત્વ છે તેની અંદર અંતર્મુખ થઇને તેના દર્શન કરવાથી, તેના દર્શન કરવા તેનું નામ સત્યપુરુષાર્થ છે. એ પુરુષાર્થ થયો, અને ભગવાનઆત્માનો પ્રત્યક્ષ અનુભવ થયો તો પ્રત્યક્ષ અનુભવ જયારે થયો તો આત્મામાં સ્વપણાની બુધ્ધિ જામી ગઈ. એ સ્વ છે. તો એ જે સ્વ છે તો દ્રવ્યેન્દ્રિય પર છે. એવું ભાન થઈ ગયું. અને દ્રવ્યેન્દ્રિય તો રહી ગઈ, શરીર રહી ગયું, દ્રવ્યેન્દ્રિય રહી ગઇ તેના ટુકડા કરીને અલોકમાં મોકલવા તે ભેદજ્ઞાન નથી. તે તો કર્તાબુધ્ધિ છે. એ ભેદજ્ઞાન નથી. પોતાના શુધ્ધાત્મતત્ત્વને સ્વપણે ગ્રહણ કર્યું તો એ જે દ્રવ્યેન્દ્રિય દેખાય છે બધી, પાંચ અહીં છે. અહીંથી શરૂ થાય છે. સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય,ચક્ષુઇન્દ્રિય અને શ્રોતેન્દ્રિય. એમ ક્રમ છે. જલ્દી યાદ રહી જાશે. અહીંથી લેવું લાઈન બંધ. તેનું નામ દ્રવ્યેન્દ્રિય છે. તે દ્રવ્યેન્દ્રિય રહી ગઇ પણ દ્રવ્યેન્દ્રિય મારી એવી મમતા છૂટી ગઈ. આહાહા!

તે દ્રવ્યેન્દ્રિય મારી નથી તેથી દ્રવ્યેન્દ્રિયના અવલંબનથી હું નથી જાણતો, મારા શુધ્ધાત્માના અવલંબનથી હું જાણું છું. પરાધિનતા છૂટી ગઇ. અતીન્દ્રિયજ્ઞાનમાં પરાધિનતા છૂટી ગઇ. દ્રવ્યેન્દ્રિયનું અવલંબન લઇને જે કામ કરતું હતું જ્ઞાન, તે દ્રવ્યેન્દ્રિય મારાથી ભિન્ન છે એવું ભાન થયું અને ચૈતન્યના અવલંબનથી અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્મા અનુભવમાં આવ્યો, તો આત્મા અનુભવમાં આવ્યો તે સમયે તે દ્રવ્યેન્દ્રિય મારી નથી, મમતા છૂટી ગઇ. દ્રવ્યેન્દ્રિયની સામે જોઇને મમતા નથી છૂટતી. ભગવાનઆત્માની સન્મુખ થતાં જ મમતા છૂટી જાય છે. આહાહા!

મમતા છોડવાને માટે આ મારી નથી, આ મારી નથી, આ મારી નથી એમ મમતા નથી છૂટતી. પણ હું બોલું એવા ચૈતન્ય ભગવાનઆત્માનું જયારે અવલંબન લીધું અને અનુભવ થયો તો અનુભવજ્ઞાનમાં એવું આવ્યું કે 'આ હું છું' અને 'આ હું નથી' તો મમતા છૂટી જાય છે. મમતાનો સંસાર છે. દ્રવ્યેન્દ્રિયનું અસ્તિત્વ સંસાર નથી. શરીરનું અસ્તિત્વ હોવું તે સંસાર નથી. અને બેંક બેલેન્સ રહી જવું તે સંસાર નથી. કુટુંબ પરિવાર રહી જવો તે સંસાર નથી. પણ પરપદાર્થ મારા છે તેનું નામ સંસાર છે અને સંસાર પણ એક સમયનો છે. સંસાર પરપદાર્થમાં નથી, સંસાર શુધ્ધાત્મામાં નથી.

સંસાર એક સમયની પરાશ્રિત અવસ્થામાં એક સમયનો છે. બીજે સમયે સંસારનો વ્યય થઈ જાય છે.

'કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય, એમ વિભાવ અનાદિનો અંતર્મુખ જ્ઞાન થતાં દૂર થાય' આહાહા! એક સમયનો સંસાર છે. સંસાર કયાં રહે છે? કે ભઈ આપણે કુટુંબ પરિવાર છોડી દયો, કંચન-કામિનિ છોડી દયો, ત્યાગ કરીને જંગલમાં જાવ. તો સંસાર છૂટે છે? સંસાર તેમાં છે જ નહીં. એ ગયો જંગલમાં મુનિ થઇ ગયા દ્રવ્યલિંગી. મમતા લઇને ગયો. કુટુંબ અહીં રહી ગયું. રાજપાટ રહી ગયું, મમતા સાથે લઇ ગયા. એ તો અજ્ઞાન-મિથ્યાદષ્ટિ છે. તેનાથી તેને કાંઈ ફાયદો નથી. એમ અંતર્મુખ થઇને પોતાના ચૈતન્યસ્વભાવનું અવલંબન લીધું. અરે! હું તો જાણકતત્ત્વ જ્ઞાનાનંદ પરમાત્મા છું. એવું જયારે ભાન થાય છે ત્યારે કહે છે કે દ્રવ્યેન્દ્રિય મારી નથી. એમ મમત્વ છૂટી જાય છે. દ્રવ્યેન્દ્રિય રહી જાય છે.

દ્રવ્યેન્દ્રિયમાં સંસાર નથી. ભગવાનઆત્મામાં સંસાર નથી, પણ દ્રવ્યેન્દ્રિય મારી અને દ્રવ્યેન્દ્રિય સારી હોય તો જ્ઞાન થાય છે, આંખમાં મોતિયો આવે તો જ્ઞાન નથી થતું. કાનમાં રોગ આવે તો સંભળાતું નથી. મિથ્યાદષ્ટિ-અજ્ઞાની છે. જ્ઞાનને તેનું અવલંબન છે જ નહીં. એ અવલંબન લઇને જે જ્ઞાન પ્રવૃત્તિ કરે છે તે જ્ઞાન નથી જ્ઞેય છે, વિભાવ છે, અજ્ઞાન છે, ભાવેન્દ્રિય છે.

જ્ઞાનને દ્રવ્યેન્દ્રિયનું અવલંબન નથી, ભાવેન્દ્રિયને અવલંબન છે. તો ભાવેન્દ્રિય છે ને ક્ષયોપશમજ્ઞાન તે અવલંબન લે છે. જ્ઞાન નથી લેતું. જ્ઞાનનું અવલંબન આત્મા છે. અને ભાવેન્દ્રિયનું અવલંબન દ્રવ્યેન્દ્રિય છે. આહાહા! તે દ્રવ્યેન્દ્રિય પ્રત્યે મમતા છૂટી ગઇ. ચૈતન્યસ્વભાવનું અવલંબન લીધું તો અનુભવ થયો, હું તો અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા છું. મારામાં તે દ્રવ્યેન્દ્રિય નથી. દ્રવ્યેન્દ્રિયથી હું જાણતો નથી. આજ સુધી, આજસુધી તે દેશનાલબ્ધિ સાંભળી જ નથી. કેમકે કાન તારા નથી. કાન તારી ચીજ નથી. હું આંખથી તો જોઉં છું-આંખથી જુએ છે તે જ્ઞાન નથી, અજ્ઞાન છે. જ્ઞાન જુદા અને અજ્ઞાન જુદા છે. અતીન્દ્રિયજ્ઞાન જુદા અને ઇન્દ્રિયજ્ઞાન જુદા છે. હજી તો દ્રવ્યેન્દ્રિયને જીતવાનો પ્રયોગ બતાવ્યો. કે દ્રવ્યેન્દ્રિય મારી નથી.

**સર્વથા પોતાથી જુદી કરી એ દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું.** એ એક બોલ થયો. દ્રવ્યેન્દ્રિયનું જીતવું. દ્રવ્યેન્દ્રિય મારી નથી તેનું નામ જીતવું. દ્રવ્યેન્દ્રિય મારી છે તે હારી ગયો. દ્રવ્યેન્દ્રિય મારી છે તે હારી ગયો. અને દ્રવ્યેન્દ્રિય મારી નથી તે જીતી ગયો. આહા! આ મોહરાજાની સાથે લડાઇ ચાલે છે. અંતમાં મોહરાજા હારી જાય છે. આત્મા જીતે છે. **જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને.** આ જીતવાની વાત છે. એ વીતરાગમાર્ગમાં લડાઇ થાય છે? હા. લડાઈ થાય છે. મોહરાજાની સાથે લડાઈ થાય છે. અંતમાં મોહરાજા હારી જાય છે. ભગવાનઆત્મા જીતે છે. કેમકે બળવાન છે. આત્મા એટલો બળવાન છે કે મોહરાજા અનાદિનો ભલે હો તોપણ એક સમયમાં નાશ થઇ જાય છે એક સમયમાં.

સંવર પ્રગટ થાય છે તો આસ્ત્રવનો યોધ્ધો છે તેને મારે છે. આહા! ઇન્દ્રિયોને જીતે છે, તેની જીત થાય છે. અને ઇન્દ્રિય મારી છે તે હારે છે, શરીર મારું છે તે હારે છે, સંસારમાં રખડે છે. દ્રવ્યેન્દ્રિયનું જીતવું થયું. હવે બીજું. વધારે સૂક્ષ્મ. સમજવા માટે બે બીજા પોઇન્ટ છે.

**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે.** શું કીધું? જુદા જુદા પોતપોતાના વિષયોમાં, સ્પર્શેન્દ્રિય સ્પર્શને વિષય કરે છે, રસેન્દ્રિય ખાટા-મીઠા રસને વિષય કરે છે. ઘ્રાણેન્દ્રિય સુગંધ અને દુર્ગંધને વિષય કરે છે. જાણે. અને આંખ ધોળા-કાળા પદાર્થોને જાણે અને આ જે કાનની અંદર ઉઘાડ છે ભાવેન્દ્રિય તે કર્કશ કે કેવો કેવો અવાજ છે તેને જાણે. તે જાણવાની જે ક્રિયા થાય છે, આમાં (જડ ઇન્દ્રિયોમાં) જાણવાની ક્રિયા નથી થતી. તેની પાસે જે ક્ષયોપશમજ્ઞાનનો ઉઘાડ તેનું અવલંબન લઇને જે જાણે છે તેનું નામ ભાવેન્દ્રિય છે.

તે જે ભાવેન્દ્રિય છે પોતપોતાના જુદા જુદા વિષયોમાં એટલે કે સ્પર્શેન્દ્રિય દ્વારા ફકત સ્પર્શ જ જાણવામાં આવે છે. રંગ જાણવામાં નથી આવતો. અને આંખથી રંગ જાણવામાં આવે છે પણ ટાઢી-ઊની અવસ્થા આંખથી જાણવામાં આવતી નથી એટલે પોતપોતાનો વિષય અલગ અલગ છે. પ્રત્યેક ઈન્દ્રિયનો પોતપોતાનો વિષય અલગ અલગ છે. અને બીજું શું કહ્યું વ્યાપાર કહ્યો, લબ્ધ નથી કહ્યું. વ્યાપાર કીધો. જયારે એક ઇન્દ્રિયનો વ્યાપાર ચાલે છે ભાવેન્દ્રિયનો, ત્યારે બીજી ભાવેન્દ્રિય ડીપોઝીટ થઈ જાય છે. લબ્ધ થઇ જાય છે. તેનો ઉપયોગ નથી હોતો. ઉપયોગ એકનો હોય છે.

ઉપયોગ એટલે જાણવાનો વ્યાપાર. જાણવાના વ્યાપારનું નામ ઉપયોગ છે. આ જે ભાવેન્દ્રિય છે (તે) એક એક પદાર્થના પોતપોતાના વિષયને જાણે છે. ઇન્દ્રિયજ્ઞાન એક સાથે પાંચ વિષયોને નથી જાણતું. એકને જાણે છે અને ચારને નથી જાણતું. બીજીને જાણે છે તો ચારને નથી જાણતી. તેમ **જુદા જુદા પોતપોતાના વિષયોમાં**, ભાવેન્દ્રિય, તેનો વિષય ભાવેન્દ્રિયનો વિષય પરપદાર્થ છે. **પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી**, એટલે કે ઉપયોગ લગાવે તો જાણવામાં આવે છે. ઉપયોગ ન લગાવે તો જાણવામાં નથી આવતો. એમ સ્પર્શ છે ટાઢી-ઊની અવસ્થા, અહીં બેસે તો ટાઢી-ઊની અવસ્થા બહારમાં છે તો જયાં સુધી સન્નીકર્ષ ન કરે, તેને સ્પર્શ ન કરે ત્યાં સુધી તે જાણવામાં આવતું નથી.

ભાવેન્દ્રિય છે તે પરાધિન છે. ભાવેન્દ્રિય સ્વતંત્રપણે પરપદાર્થનું અવલંબન લીધા વિના તે જાણતી નથી તેથી પરાધિન છે. તો ઠંડી-ઊની અવસ્થા જાણવા માટે તે પદાર્થનો તે સ્પર્શ કરે છે તો જાણવામાં આવે છે. બાકી જાણવામાં આવતું નથી. તો પરાધિન છે. એવી રીતે રસેન્દ્રિય. ખાટા-મીઠા પદાર્થ, તો સાકરને અહીં લગાવો, સાકરને અહીં લગાવો, અફીણને અહીં લગાવો તો કડવી કે મધુર કોઇ જાણી શકે? ઈન્દ્રિયજ્ઞાન તો છે અહીં, પણ તે વિષય તેનો નથી. આનો વિષય અલગ અને આનો

વિષય પણ અલગ છે. અલગ અલગ વિષય છે. આહા!

એમ **જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી**, એટલે કે તે તે પદાર્થ તરફ જે ઉપયોગ ઝુકે છે, ઢળે છે અને તેને વિષય કરીને તે જાણે છે. **જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે**. એક સાથે ગ્રહણ કરવાની તાકાત નથી. એક ઇન્દ્રિય પાંચ ઈન્દ્રિયના વિષયને જાણતી નથી. શ્રીમદે્ કહ્યું છે-પાંચ ઇન્દ્રિયના વિષયનું એકને જ્ઞાન છે.

મુમુક્ષુ :- 'છે ઇન્દ્રિય પ્રત્યેકને નિજ નિજ વિષયનું જ્ઞાન, પાંચ ઈન્દ્રિયના વિષયનું પણ આત્માને ભાન'

ઉત્તર :- હા, એમ. એ આત્મા યુગપદ્ પાંચ ઇન્દ્રિયના વિષયને આત્મા જાણી શકે છે. પણ ઇન્દ્રિય પાંચના વિષયને યુગપદ્ એક સમયમાં અક્રમે જાણવાની તાકાત તેનામાં નથી. શ્રીમદ્જીએ બહુ સરસ એ વાત કરી છે. એ વાત કરે છે.

કે **પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ**, જેઓ એટલે ભાવેન્દ્રિય **વિષયોને** એટલે જાણવાલાયક પદાર્થોને **ખંડખંડ ગ્રહણ કરે છે**. એક એકને ગ્રહણ કરે છે. ગ્રહણ કરે છે એટલે પકડે છે નહીં. ગ્રહણ કરે એટલે જાણે છે. આહા! એક એક પોતપોતાનો જે વિષય છે એને **ખંડખંડ** એટલે એકએકને ક્રમે ક્રમે ભાવેન્દ્રિય જાણે છે. યુગપદ્ પાંચે ઇન્દ્રિયના વિષયને ઇન્દ્રિયજ્ઞાન જાણતું નથી. એકને જાણે અને બીજું જાણવામાં ન આવ્યું. નથી આવ્યું તો ઇચ્છા ઉત્પન્ન થાય છે. એક જાણવામાં આવ્યું, સ્પર્શેન્દ્રિયથી ટાઢી-ઊની અવસ્થા જાણવામાં આવી. બાકી તેમાં તો બધું છે. રંગ પણ છે, સુગંધ-દુર્ગંધ પણ પુદ્ગલમાં છે. તો જાણવામાં ન આવી. તો જાણવામાં ન આવ્યું તેથી તેમાં પ્રતિબંધ થઇ ગયો. વિષયનો પ્રતિબંધ થયો તો તેનું નામ પ્રતિકુળતા છે. પણ પ્રતિકુળતા દુઃખ છે. શું કીધું? થોડો સૂક્ષ્મ વિષય છે.

આ એક ઇન્દ્રિય જે છે. સમજો આંખથી કોઈ પદાર્થને જોયો, તો તે પદાર્થને જોવાના સમયે તેમાં એક્લો રંગ-વર્ણ નથી. તેમાં ઠંડી-ઊની અવસ્થા પણ છે. અને તેમાં સુગંધ-દુર્ગંધ પણ પદાર્થમાં છે તો તે જાણવામાં ન આવ્યા તો એ આત્માનો જે સ્વભાવ છે એક સમયમાં સ્વ અને પરને પૂરા જાણવાનો આત્માનો સ્વભાવ છે. એકને જાણે અને બીજાને ન જાણે તે આત્માનો સ્વભાવ નથી. તો શું થયું? એકને જાણ્યો તો બીજા વિષય જાણવામાં ન આવ્યા. તો જાણવામાં ન આવ્યા તેની ઇચ્છા અંદરમાં ઉત્પન્ન થઇ જાય છે. તે ઈચ્છા ઉત્પન્ન થાય છે તેનું નામ દુઃખ છે. ઇચ્છા દુઃખનું મૂળ. હે ઇચ્છા દુઃખ મૂળ.

એક ઇન્દ્રિયના વિષયથી એક પદાર્થ જાણવામાં આવ્યો. બાકીના ચાર ભાવ જાણવામાં ન

આવ્યા. તો તે ઇન્દ્રિયજ્ઞાનનો વિષય એક એક ખંડખંડ છે. બધાને જાણતી નથી. તો આત્માનો સ્વભાવ બધાને જાણવાનો છે. એકને જાણે અને એકને ન જાણે તે આત્માનો સ્વભાવ નથી અને તેનું નામ જ્ઞાન પણ નથી. તો ઇચ્છા ઉત્પન્ન થાય છે. વિષય ને કષાયને જીતવા છે. વિષયનો શું અર્થ છે? પરને જાણવાની ઈચ્છા તેનું નામ વિષય. અને કષાયની શું વ્યાખ્યા? કે કરવાની ઈચ્છા. કષાય અનુસાર કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. કરવાની ઇચ્છા તેનું નામ કષાય અને જાણવાની ઇચ્છા તેનું નામ વિષય અને વિષયને જીતવો તેનું નામ ધર્મ છે. ફરીથી. શું કહ્યું? ભાઈસાહેબ!

આત્મા જે છે તેનો સ્વભાવ એક સમયે સ્વ અને પરને જાણવાનો સ્વભાવ છે. યુગપદ્ એક સમયમાં પૂરું, પૂરું જાણવામાં આવે છે તો જાણવાની ઇચ્છા ઉત્પન્ન નથી થતી. જેમકે કેવળી. સમજયા? બધાનો સ્વભાવ કેવળી જેવો છે. અને જે ઇન્દ્રિયજ્ઞાન છે તે એક એક વિષયને જાણે છે. બીજા વિષયને ન જાણ્યા તો ઇચ્છા ઉત્પન્ન થાય છે. ઇચ્છા ઉત્પન્ન થવાનું કારણ કે જ્ઞાનમાં પ્રતિબંધ થઇ ગયો. તે પ્રતિબંધનું નામ પ્રતિકુળતા છે, અને પ્રતિકુળતાનું નામ દુઃખ છે. જાણવામાં ન આવ્યું તે દુઃખ છે અને બીજા પદાર્થને જાણવાની ઇચ્છા હોય તો તેને જાણે તો બાકીનું જાણવાનું રહી ગયું. એમ એમ ક્રમ ક્રમ ક્રમ કયારેય પૂરા નહીં થાય. જાણવાનું કયારેય પૂરું નહીં થાય. અને જયારે અંતર્મુખ થયો, અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું, જેણે આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું. પરોક્ષપણે બધાને જાણી લીધું. અને પરોક્ષપણે બધાને જાણ્યું પણ પ્રત્યક્ષ ન જાણ્યું તેનો પ્રતિબંધ છે તો પ્રતિકુળતા એટલી છે, તો કેવળજ્ઞાન થાશે તો બધું પૂરું થઇ જાશે. વાત થોડી સૂક્ષ્મ છે.

કેવળજ્ઞાનમાં સ્વ અને પર પ્રત્યક્ષ થાય છે. અને આત્માને જયારે શ્રુતજ્ઞાન જાણે છે તો પરોક્ષપણે પોતાના ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણવામાં આવ્યા. પોતાના ભૂત, ભવિષ્ય અને વર્તમાન. તે શ્રુતજ્ઞાનની તાકાત એટલી છે કે છ દ્રવ્યને, ભૂત, ભવિષ્ય ને વર્તમાનને પરોક્ષ જાણી લીધા, તો પરોક્ષ સ્વ-પરને જાણી લીધું તો જાણતો નહોતો ત્યારે આકુળતા હતી, પરોક્ષ જાણી લીધું તો એટલી આકુળતા ખત્મ થઈ ગઈ. પ્રત્યક્ષ જાણવાથી આકુળતા મટી જશે. આહા! તો ઇન્દ્રિયજ્ઞાન કમજોર છે. કમજોર છે અને પરાધિન છે. અને ભાવેન્દ્રિયને તો ત્યાં સુધી કહ્યું કે તે મૂર્તિક છે અને પરાવલંબી છે, બહિર્મુખ છે અને કર્મબંધનું કારણ છે.

ભાવેન્દ્રિયને જૂના કર્મનું કાર્ય અને નવા કર્મબંધનું કારણ, એક સમયની ભાવેન્દ્રિયની જે પર્યાય છે તેમાં, તે કાર્ય પણ છે અને કોઈનું કારણ પણ છે. કાર્ય તો કર્મનું કાર્ય છે. આત્માનું કાર્ય નથી. શું કહ્યું? જે ભાવેન્દ્રિય પ્રગટ થાય છે તે આત્માનું કાર્ય નથી, આત્માનું કર્મ નથી, આત્માનું કાર્ય નથી. આત્મા તેનો ઉત્પાદક નથી. તે ઇન્દ્રિયજ્ઞાનને ભાવેન્દ્રિય કરે? ભાવેન્દ્રિયથી કર્મબંધ થયો. અને તેવું કામ કરે કે જેનાથી કર્મબંધ થાય? દુઃખ થાય. એવું કામ ભગવાન(આત્મા) તો નથી કરતો. તો તે ખંડખંડને વિષય કરે છે. ક્રમે ક્રમે જાણે છે. પરાધિન છે. કમજોર છે. બહુ જ કમજોર છે. બહુ જ કમજોર

છે.

એક ઇન્દ્રિયનો વિષય એકને જાણે બાકીને ન જાણે તો કમજોર થઈ ગઈ ને? એટલા માટે તેને જીતવી. જીતવાથી મોહ જીતાય જાશે. મોહનો નાશ થાશે. લાભ ઘણો છે. **જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ** એટલે ભાવેન્દ્રિયો. **વિષયોને**, પોતપોતાને જાણવાના પદાર્થોને **ખંડખંડ ગ્રહણ કરે છે**. કમજોર છે ને? એક એક વિષયને ગ્રહણ કરે છે. ગ્રહણ કરે છે એટલે જાણે છે.

મુમુક્ષુ :- આ પદાર્થ તો અખંડ છે ને એને તે ખંડખંડ ગ્રહણ કરે છે. એને પણ બરાબર ગ્રહણ કરતું નથી.

ઉત્તર :- પુદ્ગલ છે તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એક સાથે તેના તો ધર્મ છે. પણ તેને પણ પુદ્ગલને પણ મૂર્તિક પદાર્થોને પણ એક એક ધર્મને જાણે છે. એક સાથે બધા પદાર્થોને જાણવાની એક ઈન્દ્રિયની તાકાત નથી. તો જે જાણવાનો પ્રતિબંધ થઇ ગયો તેને જાણવાની ઇચ્છા અવ્યકતપણે પ્રગટ થાય છે. ભલે વ્યકત નહીં અવ્યકતપણે. કેમકે જાણવાનો વિષય પૂરો ન મળ્યો. જયાં સુધી પૂરો વિષય ન મળે ત્યાં સુધી પ્રતિબંધ છે. પ્રતિબંધ છે (તે) પ્રતિકુળતા છે. આહા!

એક વાર એવું થયું કે બે શેઠ હતા. બેય એકદમ કરોડપતિ અને મિત્ર પરમમિત્ર. રોજ મળે, રોજ મળે. એક દિવસ પણ એવો નથી કે મળવું ન થયું હોય. રોજ મળે એકબીજાને. સાથે બેસીને વાતચીત કરે, ફરવા જાય. તેમાં શું થયું કે એક મિત્રને, બે મિત્ર હતા. એક મિત્રને એક જ્ઞાની મળી ગયા સોનગઢના સંત, તો તેની લાઇન બદલી ગઇ. તેની લાઇન બદલી ગઇ. તે અભ્યાસમાં ચડી ગયો. ભેદજ્ઞાનનો અભ્યાસ કરતા કરતા. મળવાનું તો રોજ થતું. મળતા મળતા બીજો મિત્ર ભેદજ્ઞાનના અભ્યાસે ચડી ગયો તો થોડો ઉદાસ લાગ્યો. તો તેના મિત્રએ પૂછયું કે ભાઇસાહેબ! શું તકલીફ છે? કેમ ઉદાસ રહો છો? તો કહે હું બહુ જ દુઃખી છું. અરે! હું બેઠો છું. મારી હાજરીમાં આપને દુઃખ? મને અત્યારે જ બતાવો. રાજીવને ટીલીફોન કરું છું. સીધા રાજીવને લાઇન લગાવું. શું કહું બોલો. કલેકટર ફલેકટરને ફોન નહીં કરું. એવી અમારી લાગવગ છે. બીજા મિત્રએ કહ્યું હું બહુ જ દુઃખી છું. આપ મારું દુઃખ દૂર નહીં કરી શકો. બોલો કેટલા રૂપિયા મોકલું? શું તકલીફ છે? સમજયા? ઘરની અંદર કોઇ દુઃખ હોય તો હું આવું. બાળકોને સમજાવવા માટે. હું તો બહુ જ દુઃખી છું. એમ ને એમ બોલે. આપ દુઃખ દૂર નહીં કરી શકો. અરે! વાત તો કરો. હું દુઃખ દૂર કરી આપીશ. આપને વિશ્વાસ આપું છું. અચ્છા! દુઃખ દૂર કરી દેશો?

મારો આત્મા જાણવામાં નથી આવતો. તે આપ કરી દયો. ભાઇસાહેબ! આ મારું કામ નથી. આત્મા જાણવામાં નથી આવતો તે જ દુઃખ છે. બીજું શું દુઃખ છે? બીજું દુઃખ તો હતું નહીં. બહાર તો અનુકૂળતા બહુ જ હતી. ઢગલાબંધ નોકર, ચાકર. આહાહા! હું બહુ જ દુઃખી છું. કયુ દુઃખ છે? મારો

આત્મા જાણવામાં આવતો નથી. હું પ્રયત્ન કરું છું પણ હજી જાણવામાં આવતો નથી. તેનું દુઃખ છે. આપ મારું કામ કરી દયો. એ મારું કામ નહીં. આપ કરી લ્યો.

એવી રીતે આ જે ઇન્દ્રિયજ્ઞાન છે તે દુઃખમય છે. એકને વિષય કરે છે, બીજાને વિષય નથી કરતા. બીજા વિષયને જાણવાની ઈચ્છા થાય છે. આહાહા! કમજોર છે ઇન્દ્રિયજ્ઞાન કમજોર છે. બળવાન નથી કમજોર છે, પરાધિન છે. અને ક્રમ ક્રમથી વિષયને ગ્રહણ કરે છે. તે ખંડખંડ ગ્રહણ કરે છે. ખંડ ખંડ એટલે પદાર્થ તો અખંડ છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ તેમાં.. સમજો એક પદાર્થ લ્યો કે પુદ્ગલ છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ બધું અંદરમાં છે. શબ્દ પણ છે, શબ્દ કહેવાની શક્તિ પણ છે. છે તો જયારે આંખથી જુએ છે તો તેને કલર જોવામાં આવે છે. બીજું તો કોઇ (નથી) એક ઇન્દ્રિયનો વિષય રંગ છે. બસ. એટલું જાણે છે. બાકીના જે ચાર ભાવ અંદરમાં છે તે જાણવાની શક્તિ આંખમાં નથી. અચ્છા! આંખ બંધ કરી દીધી. આમ કર્યું, અચ્છા! આ સુવાળું છે. સ્પર્શ. જોયું તો રંગ જોવામાં ન આવ્યો. અને સુગંધ, દુર્ગંધ તે પણ જોવામાં ન આવ્યા. તો એ કમજોર છે. એક એક વિષયને ગ્રહણ કરે છે. ખંડ ખંડ છે. બીજા વિષયોને જાણવાની તાકાત નથી તેની. તો બીજા વિષય જાણવામાં ન આવ્યા તેનું નામ છે વિષય, ઇચ્છા. ઇચ્છા ઉત્પન્ન થઈ. તો જાણવાની ઇચ્છા તેનું નામ આકુળતા છે.

જાણવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે તેનું નામ વિષય છે. વિષયનો અર્થ ટોડરમલ્લ સાહેબે કર્યો કે પરપદાર્થ જાણવાની ઇચ્છા તેનું નામ વિષય. આ ભોગ વિષયની વાત નથી. પરને જાણવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે તેનું નામ છે વિષય અને પરપદાર્થને કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય તેનું નામ કષાય. તે જયાં સુધી વિષય કષાયને જીતતો નથી ત્યાં સુધી ઉપવાસ નથી થતો. આહાર, જળ, વિષય અને કષાય ચારને જીતે છે તેનું નામ ઉપવાસ છે. આહાહા! બાકી બધી લાંઘણ છે.

જાણવાની ઇચ્છા એટલી પ્રબળ હોય છે. આગ છે આગ. પરને જાણવાની આગ લાગે છે. અને આગ બુઝાવવાનો તે રસ્તો જ નથી. અચ્છા! ટી.વી. જોઇ લઉં તો ઈચ્છા બંધ થઇ જાશે. ટી.વી. જોયું તો બીજી ઇચ્છા ઉત્પન્ન થઇ ગઇ, બીજા પદાર્થ જોયા તો ત્રીજા પદાર્થની ઇચ્છા ઉત્પન્ન થઈ ગઈ. ઇચ્છા કંટીન્યુ (સતત) હોય છે. પરપદાર્થની સન્મુખ ભાવેન્દ્રિયનો વ્યાપાર તે સંસારની ઉત્પત્તિનું કારણ છે. તેમાં ઇચ્છા ઉત્પન્ન થાય છે. મોહ ઉત્પન્ન થાય છે. આહાહા! જો કયારેય ઇચ્છા બંધ થાય કે પાંચ ઈન્દ્રિયનો વ્યાપાર બંધ થઈ જાય અને અંદરમાં અંતર્મુખ થઇને આત્માનો અનુભવ કરે તો આ પાંચ ઈન્દ્રિયનો, ભાવેન્દ્રિયનો વ્યાપાર બંધ થઈ જાય છે તેનું નામ ભાવેન્દ્રિયને જીતવું છે. તમામ ઇચ્છા બંધ થઇ જાય છે. જેટલો સમય આત્મા નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે તો ઇચ્છા બંધ થઇ જાય છે. અને પછી બહાર આવે છે તો ઇચ્છા ઉત્પન્ન થાય છે પણ અજ્ઞાનમય ઇચ્છા નથી. અજ્ઞાનમય ઇચ્છા અલગ અને ઇચ્છા અલગ છે. રાગ છે મોહસહિત રાગ અને મોહરહિત રાગ. અજ્ઞાનમય ઈચ્છા અલગ અને અસ્થિરતાની ઇચ્છા અલગ છે. ઇચ્છાના બે ભેદ છે. બરાબર ટાઈમે ઘડીયાલ જોવાનો ભાવ આવે

છે. આહાહા! દસ મિનિટ કમ રહી.

તો શું કહ્યું? આ સૂક્ષ્મ વાત છે. ભાવેન્દ્રિયને જીતવાની સાધારણ વાત નથી. ભાવેન્દ્રિયને જીતી તેનો મોક્ષ થઈ ગયો. હા. એક સમય પણ જો ભાવેન્દ્રિયને જીતે છે તે જિતેન્દ્રિય જિન થઇ ગયો. જિન હો. ઈશતજિન, ચતુર્થ ગુણસ્થાને અવિરત સમ્યગ્દષ્ટિને ભગવાને ઇશતજિન કહ્યા. ભાઈ! ઈશત નાનો જિન, મોટો જિન નહીં. લઘુનંદન લઘુનંદન. તો એ ઇન્દ્રિયજ્ઞાનને જીતવું કેમ થાય છે? તે આગળ બધી પ્રક્રિયા બતાવશે. ૫૦ મિનિટ થઇ. લાંબુ ચાલે તેવી શરીરની પ્રકૃત્તિ નથી. જયાં સુધી થાક ન લાગે ત્યાં સુધી ચાલુ રહેશે. થાક લાગે એટલે બંધ. પચાસ મિનિટ ચાલે, પંચાવન ચાલે, કયારેક સાંઇઠ ચાલે તો છૂટ છે. પ્રતિબંધ પચાસે નથી. જરાક થાક લાગે તો બંધ, થાક ન લાગે તો ચાલુ. એમ. બહેનનું એમ કહેવું છે કે થાક ન લાગે તે દિ' (વધારે લેવું) થાક લાગે તો બંધ કરી દેવાનું.

ॐ